Alembic Touching Lives over 100 years

# એલેમ્બિક લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
CIN: L26100GJ1907PLC000033
ફોનઃ +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦ | ફેક્સઃ +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
ઈ–મેલઃ alembic.investors@alembic.co.in
વેબસાઈટઃ www.alembiclimited.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૧૩મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") નોટીસમાં જણાવ્યા મુજબ વ્યવસાયને વ્યવહાર કરવા માટે શુક્રવાર, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે વિડિયો કોન્ફરન્સિંગ ("VC") /અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

કંપની અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૯૧ ને અનુલક્ષીને સૂચના આપવામાં આવેછે કે કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બૂક્સ, ડિવિડન્ડ ની ઘોષણા અને કંપનીના નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક સામાન્ય સભાના હેતુસર શુક્રવાર, ૩૧મી જુલાઈ, ૨૦૨૦ થી શુક્રવાર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૦ (બંને દિવસ સહીત) બંધ રહેશે.

COVID-19 ના સતત ચાલી રહેલ રોગચાળાને ધ્યાનમાં રાખીને કોર્પોરેટ અફેર્સ મંત્રાલયે ("MCA") તેના સામાન્ય પરિપત્ર નંબર ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ સાથે સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦ તથા સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ (સામુહિક રીતે "MCA પરિપત્રો") દ્વારા સભ્યોની એક જ સ્થળે પોતાની પ્રત્યક્ષ હાજરી વિના VC/OAVM દ્વારા એજીએમ કરવાની મંજુરી આપેલ છે. કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ"), સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેસન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("સેબી લીસ્ટીંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫") અને MCA પરિપત્રોની જોગવાઈઓનું પાલન કરીને, કંપનીની એજીએમ VC/OAVM દ્વારા યોજવામાં આવશે. VC/OAVM દ્વારા યોજાનારી એજીએમમાં જોડાવવા માટેની સૂચનાઓ એજીએમની નોટિસમાં ઉપલબ્ધ છે. VC/OAVM દ્વારા એજીએમમાં હાજરી આપનાર સભ્યોને અધિનિયમની ધારા ૧૦૩ અંતર્ગત કોરમની ગણતરીનાં હેતુ માટે માન્ય ગણવામાં આવશે.

નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") ની ઇ-વોટિંગ સેવાઓ દ્વારા કંપની તેના સભ્યોને ઇ-વોટિંગ સિસ્ટમ ("રિમોટ ઇ વોટિંગ") નો ઉપયોગ કરીને મતદાન કરવાની સુવિધા આપતા આનંદ અનુભવે છે. વધુમાં કંપની એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા આપી રહી છે ("ઇ-વોટિંગ"). રિમોટ ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપનારા સભ્યો પણ એજીએમમાં ભાગ લઈ શકે છે, પરંતુ તેઓ ફરીથી મતદાન કરવા હકકદાર રહેશે નહી. રિમોટ ઇ-વોટિંગ અને એજીએમ દરમિયાન ઇ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટીસમાં આપવામાં આવી છે.

રિમોટ ઇ-વોટિંગની અવધિ તા. ૪થી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સમાપ્ત થશે. ૩૧મી જુલાઈ; ૨૦૨૦ ની કટ ઓફ તારીખ પ્રમાણે શેર ધરાવતા કંપનીના સભ્યો રિમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકે છે.

કોઈપણ સભ્ય એજીએમની નોટીસ મોકલાયા પછી કંપનીના શેર ખરીદીને કંપનીના સભ્ય બન્યા હોય અને તા. ૩૧મી જુલાઈ, ૨૦૨૦ ના રોજ શેર ધરાવતા હોય તેઓ evoting@nsdl.co.in પર રિકવેસ્ટ મોકલી login id તથા પાસવર્ડ મેળવી શકે છે.

રીમોટ ઇ-વોટિંગ મોડયુલ તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૦ ના બરાબર ૫.૦૦ કલાકે NSDL દ્વારા વોટિંગ માટે બંધ કરવામાં આવશે.

ઉપરોક્ત MCA ના પરિપત્રો તથા SEBI ના તા. ૧૨મી મે, ૨૦૨૦ ના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 નું પાલન કરતા કંપનીના વાર્ષિક અહેવાલ અને એજીએમની નોટિસ જે સભ્યોના ઇ-મેલ સરનામા કંપની/ડીપોઝીટરીઝમાં નોંધાયેલા હશે એમને ફકત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા જ મોકલવામાં આવેલ છે.

સભ્યો નોંધ લઈ શકે કે નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com, સ્ટોક એકસચેન્જ i.e. BSE લિમિટેડની વેબસાઈટ www.bseindia.com અને NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

ઈ-વોટિંગ સંબંધિત ફરિયાદો માટે શ્રીમતી પલ્લવી માત્રે, મેનેજર, NSDL, ચોથો માળ, એ-વિંગ, ટ્રેડ વર્લ્ડ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩. ઈ-મેલઃ evoting@nsdl.co.in / pallavid@nsdl.co.in ટેલિ. +૯૧ ૨૨ ૨૪૯૯૪૫૪૫/૧૮૦૦-૨૨૨-૯૯૦ નો સંપર્ક કરવો.

જે સભ્યોને એજીએમ પહેલા અથવા દરમિયાન સહાયતાની જરૂર હોય તેઓ evoting@nsdl.co.in/૧૮૦૦-૨૨૨-૯૯૦ પર અથવા શ્રી અમિત વિશાલ, સિનિયર મેનેજર, NSDL, ઈ-મેલ amitv@nsdl.co.in | +૯૧ ૨૨ ૨૪૯૯૪૩૬૦ / +૯૧ ૯૯૨૦૨૬૪૭૮૦ અથવા શ્રી સાગર ઘોસાલકર, આસિસ્ટન્ટ મેનેજર, NSDL, ઈ-મેલ sagar.ghosalkar@nsdl.co.in | +૯૧ ૨૨ ૨૪૯૯૪૫૫૩ / +૯૧ ૯૩૨૬૭૮૧૪૬૭ નો સંપર્ક કરી શકે છે.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/–
**દ્રિગેશ મિત્તલ**
**કંપની સેક્રેટરી**

**સ્થળઃ** વડોદરા
**તારીખઃ** ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૨૦

આ નોટીસ કંપનીની વેબસાઈટ **www.alembiclimited.com** ઉપર ઇનવેસ્ટર સેકશનમાં અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ **www.nseindia.com** અને **www.bseindia.com** ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.